સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

હુકમ ક્રમાંક:-અપગ/૧૦/૨૦૨૧/૪૧૭૩૬૯/છ.૧,

સચિવાલય, ગાંધીનગર

તા.૦૬/૧૦/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં.૯૫૧૬/૨૦૧૮ નો તા.૧૨/૧૨/૨૦૧૮ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં:૪૫૦/૨૦૧૯, એસ.સી.એ.નં.૪૪૬૨/૨૦૧૯ નો તા.૦૮/૦૪/૨૦૧૯ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં:૧૧૯૦/૨૦૧૯, એસ.સી.એ.નં.૭૧૭૧/ ૨૦૨૦ નો તા.૦૮/૦૬/૨૦૨૦ નો ચુકાદો, એસ.સી.એ.નં.૭૬૧૪/૨૦૨૦ નો તા.૨૯/૦૬/૨૦૨૦ નો ચુકાદો અને એસ.સી.એ.નં.૯૩૪૬/૨૦૨૦ નો તા.૧૯/૦૮/૨૦૨૦ નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦/ ૨૦૨૦/૩૨૩૦૬૮/છ.૧

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮/૪૯૪૩૩૦/છ.૧.

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૧૯૪૭૯૮/છ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૮/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૧૯૧૬૧૨/છ.૧.

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૯/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૧૯૧૬૧૨/છ.૧.

(૧૧) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૪/૦૯/૨૦૨૧ નો પત્ર જા.નં.અપગ/૩૬૫.

## હુકમ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) થી (૧૦) ઉપરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર

ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના આચાર્ય/શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે વર્ગ-૨ સંવર્ગનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં સમિતીની બેઠક યોજાયેલ હતી. જે અંગે મંજૂર કરાયેલ કાર્યવાહી નોંધ નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) ઉપરના પત્રથી અત્રે મોકલી આપેલ છે, જે મુજબ સમિતિ દ્વારા ૦૯ (નવ) કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરેલ હતી, જે સંદર્ભે નાણા વિભાગ દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની મંજૂરી આપેલ છે, જે મુજબ નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૯ (નવ) કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫) માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર /રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જીજ્ઞેશ જી ઠક્કર, ઓડિયોલોજીસ્ટ | પ્રથમ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦ | તા.૦૧/૦૭/૦૮ |
| ૨ | નિશિતાબેન એસ. શાહ, ઓડિયોલોજીસ્ટ | પ્રથમ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૧૯/૧૨/૧૯ |
| ૩ | ગણપતભાઇ બી. પટેલ, મોબીલીટી ઇન્સટ્રક્ટર | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૦૧/૦૭/૨૦૦૦ |
| ૪ | દિપીકાબેન કે. ગજ્જર, ઉધોગ શિક્ષક | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦ | તા.૦૧/૦૭/૧૩ |
| ૫ | કલ્પનાબેન એમ. દિક્ષિત, ઉધોગ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૦૧/૦૭/૧૭ |
| ૬ | પ્રહલાદભાઇ ડી. પંડ્યા, મદદનીશ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૨૨/૦૭/૨૧ |
| ૭ | લીલાબેન આર. ચૌહાણ, મદદનીશ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૦૧/૦૯/૧૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | જગતસિંહ એન. ચાવડા, મદદનીશ શિક્ષક | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦ | તા.૦૧/૦૬/૦૯ |
| ૯ | ઉત્તમકુમાર એચ. પંડ્યા, મદદનીશ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૦૧/૦૭/૨૧ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવોની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્યં નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૧૦/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- શાખા સિલેક્ટ ફાઇલ.